## RCS ચૅટ

**Jibe Mobile Ltd. (“Jibe Mobile”)**
70 Sir John Rogerson’s Quay, Dublin 2, Ireland
https://support.google.com/

16 માર્ચ, 2023ના રોજ અપડેટ કર્યું.
અગાઉનું વર્ઝન: 21 ડિસેમ્બર, 2020

કરારનો સારાંશ

- આ કરારના સારાંશમાં EU કાયદા દ્વારા આવશ્યક હોવા મુજબ અમારી સેવાની ઑફરના મુખ્ય અંશોનું વર્ણન છે[1].
- તેનો હેતુ સેવાની ઑફરોની સરખામણી કરવામાં તમારી સહાય કરવાનો છે.
- અમારી સેવાની ઑફર વિશેની સંપૂર્ણ માહિતી અન્ય દસ્તાવેજોમાં ઉપલબ્ધ છે.

સેવાઓ
Messages by Google વપરાશકર્તાઓને RCS ચૅટ અપગ્રેડેડ, વ્યાપક મેસેજિંગ અનુભવ આપે છે. RCS ચૅટ મેસેજ મોકલવા માટે ઇન્ટરનેટ કનેક્શન જરૂરી છે. RCS ચૅટ Jibe Mobile દ્વારા યોગ્ય કુશળતાનો ઉપયોગ કરીને કાળજીપૂર્વક પ્રદાન કરવામાં આવે છે, જો કે સેવાની ક્વૉલિટીનું કોઈ ન્યૂનતમ લેવલ ઑફર કરવામાં આવતું નથી.

કિંમત
RCS ચૅટ કોઈપણ ખર્ચ વિના ઑફર કરવામાં આવે છે અને તેનો ઉપયોગ Jibe Mobile સેવાની શરતો (https://jibe.google.com/policies/terms/ પર ઉપલબ્ધ) અને Google સેવાની શરતો (https://policies.google.com/termsપર ઉપલબ્ધ)ના અનુપાલનને આધીન છે.

અવધિ, રિન્યૂઅલ અને સમાપ્તિ
તમે સાઇન-અપ કરો પછી તરત જ RCS ચૅટ ઉપયોગ માટે ઉપલબ્ધ થાય છે. તમે કોઈ નિશ્ચિત અવધિ માટે RCS ચૅટનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ નથી અને કોઈપણ સમયે તેનો ઉપયોગ કરવાનું બંધ કરવા માટે સ્વતંત્ર છો.

વિકલાંગ હોય તેવા વાપરનાર માટે સુવિધાઓ
તમે RCS ચૅટ સાથે સ્ક્રીન રીડરનો ઉપયોગ કરી શકો છો. વધુ વિગતો https://support.google.com/messages/answer/6105764?hl=en પર ઉપલબ્ધ છે.

અન્ય સંબંધિત માહિતી
ગ્રાહક સેવા: RCS ચૅટ માટે સહાય અને સપોર્ટ https://support.google.com/ પર ઉપલબ્ધ છે.
તકરારો: તમે વિવાદના ઉકેલની વૈકલ્પિક પ્રક્રિયા કરનાર પ્રદાતા જે https://ec.europa.eu/consumers/odr/main/?event=main.adr.show2 પર સૂચિબદ્ધ છે તેમને અથવા તમારા દેશમાં કાયદા દ્વારા જરૂરી હોય તે મુજબ અન્ય પ્રદાતાને ફરિયાદ કરી શકો છો. વધુ વિગતો Google સેવાની શરતોમાં ઉપલબ્ધ છે.
સુરક્ષા સંબંધિત જોખમો: વિલંબ કર્યા વિના સુરક્ષા અથવા પ્રાઇવસી સંબંધિત ઇવેન્ટને ઓળખવા અને પ્રતિસાદ આપવા માટે, Jibe Mobile 24/7 સખત જોખમ પ્રબંધન પ્રોગ્રામ ચાલુ રાખે છે. તમારી ઑનલાઇન સુરક્ષા મેનેજ કરવામાં તમારી સહાય કરવા માટે, Jibe Mobile એક સિક્યુરિટી ચેકલિસ્ટ પણ પૂરી પાડે છે.
વ્યક્તિગત ડેટા: RCS ચૅટ માટે સાઇન અપ કરવા, તમારે તમારો ફોન નંબર આપવો જરૂરી છે. Google પ્રાઇવસી પૉલિસી (https://policies.google.com/privacyપર ઉપલબ્ધ છે) જે તમે RCS ચૅટનો ઉપયોગ કરતા હોય ત્યારે Jibe Mobile

[1] યુરોપિયન સંસદ અને 11 ડિસેમ્બર, 2018ની કાઉન્સિલના આદેશ (EU) 2018/1972ની કલમ 102(3) જે યુરોપિયન ઇલેક્ટ્રોનિક કમ્યુનિકેશન કોડ સ્થાપિત કરે છે (OJ L 321, 17.12.2018, પેજ 36).

દ્વારા એકત્ર કરવામાં આવે છે તે વ્યક્તિગત ડેટા વિશે વધુ માહિતી પૂરી પડે છે. Google પ્રાઇવસી પૉલિસી તમારી અને Jibe Mobile કે આ સારાંશ સાથેના કરારનો ભાગ નથી.